| | | |
|---|---|---|
| GJKH040015762025 | सत्यमेव जयते | કેસ દાખલ થયા તા.૧૭.૧૨.૨૦૨૫<br>કેસ રજી.થયા તા.૧૭.૧૨.૨૦૨૫<br>કેસ ફેંસલ તા.૨૩.૦૩.૨૦૨૬<br>સમયગાળો : વર્ષ, માસ, દિવસ<br>૦૦–૦૩ –૦૬ |

**–: નમુનો–અ :–**

| |
|---|
| **માતરના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.માતર.**<br>**ચુકાદાની તારીખ: ૨૩–૦૩–૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં.૧૨૫૫–૨૦૨૫**<br>**આંક–** |

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ –૨૮૧, ૧૨૫(એ), ૩૨૪(૫) તથા મો.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુના રજી.નં.૧૧૨૦ ૪૦૩૩ ૨૫૦૧૯૩/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | માતર, તા.માતર, જી.ખેડા |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એન.એન.શેઠ |
| આરોપી પક્ષ | ટેન્કર નં.જીજે.૦૧.એમ.ટી.૫૦૫૧ ના ચાલક અંતીમ હિન્દુજી ભાટીયા, રહે.૧૦૯, બસ સ્ટેશન રોડ, વોર્ડ નં.૧૬, કોતવલ્લી ઉર્ફે મંડી રાજેન્દ્રપુર પોસ્ટ ચૌમહલા, જી.ઝાલાવાડ, રાજસ્થાન. |
| રજુઆત | વિ.વ.શ્રી એસ.એમ.ચવાણ |

**–: નમુનો–બ :–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૧–૧૧–૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૪–૧૧–૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૭–૧૨–૨૦૨૫ |
| પ્લી/તહોમતની તારીખ | ૨૮–૦૧–૨૦૨૬ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૨૬–૦૨–૨૦૨૬ |

**જ્યુડી.મેજી.ફ.ક.માતર** **(નરેન્દ્રકુમાર)**
**કોડ:જીજે.૦૧૪૪૦**

| | |
|---|---|
| ચુકાદા માટે રાખવાની તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૨૩–૦૩–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

**:: આરોપીની વિગત ::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શુ નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો BNSS–૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | અંતીમ હિન્દુજી ભાટીયા | ૪–૧૨–૨૦૨૫ | ૪–૧૨–૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૩૨૪(૫) તથા મો.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ | વિશ્વસનીય પુરાવાના અભાવે છોડી મુકયા | – | – |

**:: નમુનો –ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયનાં સાક્ષીની યાદી તથા દસ્તાવેજી પુરાવા**

**અ. ફરીયાદપક્ષ**

| અ.નં. | આંક | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૭ | ફરીયાદી સંદીપભાઇ રાજેન્દરભાઇ | ફરીયાદી |
| ૨ | પી.૧ | ફરીયાદ | – |
| ૩ | ૮ | સાહેદ જગદીશકુમાર દીનેશકુમાર | સાહેદ |
| ૪ | ૯ | સાહેદ રજનીકાંત કનૈયાલાલ | સાહેદ |
| ૫ | ૧૧ | સાહેદ પવનકુમાર રામફળ | સાહેદ |
| ૬ | પી.૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | – |
| ૭ | પી.૩ | પંચનામુ | – |
| ૮ | પી.૪ | ટેન્કરનુ પંચનામુ | – |
| ૯ | પી.૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ | – |

## :: જ જ મે ન્ટ ::

**(૧) કેસની ટુંકી હકીકત :–**

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત જોઇએ તો, આ કામના

આરોપીએ તા.૨૧–૧૧–૨૦૨૫ ના રોજ કલાક ૧૭–૦૦ ના સુમારે મોજે બરોડા ગામની સીમ પાલ્લા–વારુકાંસ રોડ બરોડા ગામ પાટીયા થી આગળ વળાંક નજીક તા.માતર જી.ખેડા મુકામે પોતાનુ ટેન્કર જેનો રજી.નં.જીજે.૦૧.એમ.ટી.૫૦૫૧ ને બેફીકરાઇ અને ગફલત ભરી રીતે ચલાવી ઓવર ટેક કરવા જતાં બ્રેક મારતા સ્ટીયરીંગ ઉપર કાબુ ગુમાવી પલટી ખાઇ ખવડાવી અકસ્માત કરી પોતાના શરીરે ઇજા પહોચાડી તેમજ ટેન્કરમાં ભરેલ ઇથેલોન ૧૨૭૬૦ કિ.ગ્રા. (૧૫૯૫૪ લીટર) જેટલી જેની કિ.રૂ.૯૬૨૩૪૫/– ની રકમનુ સ્થળ ઉપર ઢોળાઇ જઇ નુકશાન કરી તેમજ ટેન્કરરને નુકશાન પહોચાડી તેમજ પોતાના શરીરે ઇજા કરી ગુનો કરતા આ કામના ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવતા પોલીસ ગુનો નોધી તપાસના અંગે હાલનાં આરોપી વિરુધ્ધ ચાર્જસીટ રજુ કરેલ છે.

(૨) **ન્યાયીક કાર્યવાહી :–**

આ કામના આરોપી સામે ચાર્જસીટ રજુ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેના અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં હાજર થયેલ. ત્યાર બાદ આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ ચાર્જસીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૩ અન્વયે ગુના અંગેની સમજ કરી, આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી, આરોપીનો **આંક–૦૫** થી ગુના અંગેનો જવાબ નોધતા, તેમા આરોપીએ 'મને ગુનો કબુલ નથી' તેમ જણાવતા, સદર કામ આગળની ઇન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ.

(૩) **બચાવપક્ષનો પુરાવો :–**

ત્યાર બાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વધુ કોઇ વિશેષ પુરાવો રજુ થયેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદપક્ષના પુરાવા લક્ષમાં લેતા

આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નીવેદન નોધવામાં આવેલ છે.

(૪) **દલીલો ::**

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળી.

(૫) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કાસના આખરી નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદાઓ ::**

*(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૧–૧૧–૨૦૨૫ ના રોજ કલાક ૧૭–૦૦ ના સુમારે મોજે બરોડા ગામની સીમ પાલ્લા–વારુકાંસ રોડ બરોડા ગામ પાટીયા થી આગળ વળાંક નજીક તા.માતર જી.ખેડા મુકામે પોતાનુ ટેન્કર જેનો રજી.નં.જીજે.૦૧.એમ.ટી.૫૦૫૧ ને બેફીકરાઇ અને ગફલત ભરી રીતે ચલાવી ઓવર ટેક કરવા જતાં બ્રેક મારતા સ્ટીયરીંગ ઉપર કાબુ ગુમાવી પલટી ખાઇ ખવડાવી અકસ્માત કરી પોતાના શરીરે ઇજા પહોચાડી તેમજ ટેન્કરમાં ભરેલ ઇથેલોન ૧૨૭૬૦ કિ.ગ્રા. (૧૫૯૫૪ લીટર) જેટલી જેની કિ.રૂા.૯૬૨૩૪૫/– ની રકમનુ સ્થળ ઉપર ઢોળાઇ જઇ નુકશાન કરી તેમજ ટેન્કરરને નુકશાન પહોચાડી તેમજ પોતાના શરીરે ઇજા કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૩૨૪(૫) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.?*

*(૨) શું હુકમ ?*

(૬) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ

**જ્યુડી.મેજી.ફ.ક.માતર** **(નરેન્દ્રકુમાર)**
**કોડ:જીજે.૦૧૪૪૦**

## :: કારણો ::

(૭) ફરીયાદપક્ષે આંક–૦૭ થી ફરીયાદી સંદીપભાઇ રાજેન્દરભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી ચાર પાંચ માસ અગાઉ બરોડા ગ્રીનફ્યુલ કંપની પાસે બનેલો. બનાવ સમયે તેઓ ડીવીજન લોજીસ્ટીક પ્રાઇવેટ લીમીટેડ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. તેમની કંપનીની કુલ્લે પાંચ ગાડીઓ છે જે ગાડીઓનો ગ્રીનફ્યુલ કંપની બરોડા, તા.માતર સાથે એગ્રીમેન્ટ કરેલ છે. તેમની કંપનીની ઓફીસ અમદાવાદ આવેલ છે. બનાવના દીવસે તેઓ ઓફીસમાં હાજર હતા તે વખતે ટાન્સપોર્ટ કંપનીના માલીક પવન શર્મા તેઓને આવીને જણાવેલ કે ગ્રીનફ્યુલ કંપની બરોડા થી ગાડી નંબર  જીજે ૦૧ એમટી ૫૦૫૧ ની ઇથેનોલ ભરી વડોદરા જવા નીકળેલ અને કંપની નજીક ડાયવર થી ગાડી પલટી ખાઇ ગયેલ છે અને અકસ્માત થયેલ છે. ડાયવરને ઇજા થતા હોસ્પીટલ લઇ ગયેલા છે અને સદર ટેન્કરમાં ૪૦૦૦૦ લીટર ઇથેનોલ ભરેલ હોઇ તે ઢોળાતુ હોઇ તેવી વાત કરેલી. જેથી અમદાવાદ થી રાત્રીના સમયે નીકળિ સ્થળ ઉપર ગયેલો અને જોયેલ તો કંપનીનુ ટેન્કર રોડની સાઇડમાં ડાયવર સાઇડની પલટી મારી રોંગ સાઇડમાં જઇને પડેલ હતુ. ટેન્કરમાં ૬ કમ્પાટ હોઇ દરેકમાંથી થોડુ થોડુ ઇથેનોલ નીકળતુ હતુ અને ત્યા કંપનીના માણસો હાજર હોઇ ડાયવરને સારવાર બાદ સ્થળ ઉપર લાવતા તેઓને પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે હું ટેન્કરમાં માલ લોડ કરાવી વડોદરા જવા નીકળેલ અને હું ઓવરટેક કરવા જતા સામેથી ઇકો ગાડી આવતા તેને બચાવવા જતા અચાનક બ્રેક કરતા ટેન્કર પલટી ખઇ ગયેલ. તેઓએ એલસીએસ ઇન્ડિયા સરવીસ લીમીટેડને જાણ કરતા તેઓ એકસપર્ટ માણસ સાથે આવી ગયેલા અને તેમની બીજી

ટેન્કરમાં ઈથેનોલ ટાન્સફર કરેલ અને તેનુ વજન ૨૪૦૪૬ લીટર થયેલુ અને બાકીનુ ઢોળાઇ ગયેલ. તેમના શેઠે ઈન્સ્યોરન્સ કંપનીને જાણ કરતા તેઓએ ફરીયાદ અને પંચનામુ માંગતા તેમના શેઠના કહેવાથી બનાવ અંગેની ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવે છે તેમા તેઓની સહી છે જે ઓળખે છે જેને આંક–પી.૧ આપવામાં આવે છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નથી. તેઓને નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે.

(૭.૧) આંક–૦૮ થી સાહેદ જગદીશકુમાર દીનેશકુમાર તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૧ વર્ષથી ગ્રીનફ્યુલ કંપનીમાં એકઝકયુટીવ સેલ્સ એન્ડ લોજીસ્ટીકની પોસ્ટ ઉપર નોકરી કરે છે. તેઓને કંપનીમાં આવેલ તમામ ગાડીઓના લોર્ડ અને અનલોડ થી માંડી તમામ પ્રકારની કામગીરી તથા દેખરેખની જવાબદારી તેઓને સોપેંલ છે. બનાવ આજથી ૩–૪ મહીના અગાઉ બનેલો. બનાવના દીવસે ટેન્કર નં.જીજે.૦૧.એમટી.૫૦૫૧ ઉપર ઇથેનોલ લોડ કરાવી તેનુ વજન કરાવી વડોદરા મુકામે મોકલેલ. સાંજના સમયે તેમની કંપનીના ચંદર પ્રકાશનો ફોન આવેલ અને જણાવેલ કે આપણી કંપનીની એક ટેન્કર બરોડા ગામથી આગળ રોડ ઉપર પલટી ખઇ ગયેલ છે જેથી તેઓ સ્થળ ઉપર ગયેલો અને જોયેલ તો રોડની સાઇડમાં પલટી ખાઇ ગયેલ હતી અને તેમાથી ઈથેનોલ બહાર નીકળતુ હતુ. ઈથેનોલ અતિજવનશીલ પ્રવાહી હોઈ સાવચેતીના પગલા લઈ વડોદરા એલસીએલ એકસપર્ટનો સંપર્ક કરી અને ફાયર એન્ડ સેફટીનો સંપર્ક કરી બીજી ટેન્કરમાં ખાલી કરાવડાવેલ. બનાવ અંગે જવાબ લીધેલ. ઈથેનોલ ઢોળાઇ જવાથી આશરે રૂા.૯ લાખ જેટલાનુ નુકશાન થયેલુ.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નથી. તેઓને નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે.

**(૭.૨)** આંક–૦૯ થી સાહેદ રજનીકાંત કનૈયાલાલ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી ૩–૪ મહીના અગાઉ બનેલો. બનાવના દીવસે તેમના ઉપર કંપનીના જનરલ મેનેજરનો ફોન આવેલ અને જણાવેલ કે આપણી કંપનીની એક ટેન્કર બરોડા ગામથી આગળ રોડ ઉપર પલટી ખઇ ગયેલ છે અને ફાયર ટીમ લઇને તાત્કાલીક પહોંચો જેથી તાત્કાલીક સ્થળ ઉપર ગયેલા અને જોયેલ તો રોડ ની સાઇડમાં પલટી ખાઇ ગયેલ હતી અને તેમાથી ઇથેનોલ બહાર નીકળતુ હતુ. ઇથેનોલ અતિજવનશીલ પ્રવાહી હોઇ સાવચેતીના પગલા લઈ વડોદરા એલસીએલ એકસપર્ટનો સંપર્ક કરી તેઓ આવી જતા અમોએ સાથે મળિ ઇથેનોલ બીજી ટેન્કરમાં ખાલી કરાવડાવેલ. બનાવ અંગે જવાબ લીધેલ. ઇથેનોલ ઢોળાઇ જવાથી આશરે રૂા. ૯ લાખ જેટલાનુ નુકશાન થયેલુ.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નથી. તેઓને નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે.

**(૭.૩)** આંક–૧૧ થી સાહેદ પવનકુમાર રામફળ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૨૫ વર્ષથી ટાન્સપોર્ટનો ધંધો કરે છે અને છેલ્લા ૩ વર્ષથી ડીવીજન લોજીસ્ટીક કંપનીનો માલીક છે. તેમની પાસે પાંચ ટેન્કરો છે અને બીજી ૧૧૦ ગાડીઓ છે. આ પાંચ ટેન્કરો ગ્રીનફયુલ કંપની બરોડા, તા.માતર સાથે એગ્રીમેન્ટ કરેલ છે. તેમની કંપનીની ઓફીસ અમદાવાદ આવેલ છે. બનાવના દીવસે તેઓ તેમના વતનમાં હતા અને જગદીશભાઇ દીનેશકુમારનો ફોન આવેલ અને તેઓએ જણાવેલ કે ગ્રીનફયુલ કંપની બરોડા થી ગાડી

નંબર જીજે ૦૧ એમટી ૫૦૫૧ ની ઈથેનોલ ભરી વડોદરા જવા નીકળેલ અને કંપની નજીક ડાયવરથી ગાડી પલટી ખઇ ગયેલ છે અને અકસ્માત થયેલ છે. બનાવમાં ડાયવરને ઈજા થતા હોસ્પીટલ લઇ ગયેલા છે અને સદર ટેન્કરમાં ૪૦૦૦૦ લીટર ઈથેનોલ ભરેલ હોઈ તે ઢોળાતુ હોઈ તેવી વાત કરતા તેઓએ તેમની કંપનીના મેનેજર સંદીપને જાણ કરેલી અને સ્થળ ઉપર જવા મોકલેલ અને ત્યારબાદ મેનેજર મારફતે જાણવા મળેલ કે અમારા ટેન્કરના ડાયવર પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે હું ટેન્કરમાં માલ લોડ કરાવી વડોદરા જવા નીકળેલ અને હું ઓવરટેક કરવા જતા સામેથી ઈકો ગાડી આવતા તેને બચાવવા જતા અચાનક બ્રેક કરતા ટેન્કર પલટી ખઇ ગયેલ. તેમની કંપનીના મેનેજરે એલ.સી.એસ. ઈન્ડિયા સરવીસ લીમીટેડને જાણ કરતા તેઓ એકસપર્ટ માણસ સાથે આવી ગયેલા અને બીજી ટેન્કરમાં ઈથેનોલ ટાન્સફર કરેલ અને તેનુ વજન ૨૪૦૪૬ લીટર થયેલુ અને બાકીનુ ઢોળાઇ ગયેલ. તેઓએ ઈન્સ્યોરન્સ કંપનીને જાણ કરતા તેઓએ ફરીયાદ અને પંચનામુ માંગતા મેનેજરએ બનાવ અંગેની ફરીયાદ આપેલી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નથી. તેઓને નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે.

**પુરાવાનુ મુલ્યાંકન ::**

(૮) હવે આક્ષેપિત ગુનો સાબીત કરવા માટેનાં જે આવશ્યક તત્વો છે તે જોવામાં આવે તો આંક–૭ થી ફરીયાદી સંદીપભાઇ રાજેન્દરભાઇ, આંક–૮ થી સાહેદ જગદીશકુમાર દીનેશકુમાર, આંક–૯ થી સાહેદ રજનીકાંત કનૈયાલાલ, તથા આંક–૧૧ થી સાહેદ પવનકુમાર રામફળ નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ નથી, માત્ર બનાવમાં

ટેન્કર ચાલકને ઈજા થતા સારવાર કરાવેલ અને ઈથેલોન ઢોળાઈ જતાં નુકશાન થયેલ અને ટેન્કરને પણ નુકશાન થયેલાની હકીકત જણાવેલ છે. વધુમાં ફરીયાદી કે સાહેદોએ તેમના પુરાવામાં બનાવ નજરે જોયેલ નથી. જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને તેઓને સમાધાન થઈ ગયેલ છે. આમ, સદર ફરીયાદી તથા સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થાય તેવો પુરાવો મળી આવેલ નથી. વધુમાં આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા બનાવ બાદની સ્થિતિ દર્શાવતો હોય હોય તે આધારે હાલનાં આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહી.

(૯) વધુમાં સદર કામે બનાવમાં ટેન્કર ચાલકને ઈજા થતા સારવાર કરાવેલ અને ઈથેલોન ઢોળાઈ જતાં નુકશાન થયેલ અને ટેન્કરને પણ નુકશાન થયેલા પહોચાડેલ હોવાની ફરીયાદ હકીકત છે. જે બાબતે ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી અકસ્માતનો બનાવ બનેલ છે અને તેમાં આરોપીને ઈજા થયેલાની, ઈથેલોન ઢોળાઈ જતા નુકશાન થયેલાની તથા ટેન્કરને નુકશાન થયેલાની હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં આ કામે સાહેદોના પુરાવાથી બનાવમાં ઈકો ગાડીને બચાવવા જતાં અચાનક બ્રેક કરતા ટેન્કર પલટી ખાઈ જતા બનાવ બનેલાની હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં ફરીયાદી તથા સાહેદોએ તેમની ઉલટ તપાસમાં તેઓને આરોપી સાથે નામદાર કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલાની હકીકત જણાવતા હોય ત્યારે સ્વાભાવીક રીતે જ તેઓ આરોપી વિરુધ્ધનો પુરાવો ના આપે. આમ, જયારે હાલનાં આરોપીએ પોતાનું વાહન બેદરકારી અને ગફલત ભરી રીતે વાહન ચલાવી પલટી ખડવાડી અકસ્માતનો બનાવ બનેલ હોવાની હકીકત પડેલ પુરાવાને આધારે ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૩૨૪(૫)

તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ આક્ષેપીત ગુનાનાં આવશ્યક તત્વો ફરીયાદપક્ષ પુરવાર કરતા નથી. જેથી હાલનો કહેવાતો બનાવ ફરીયાદપક્ષનાં પુરાવાથી સાબીત થતો નથી તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. આ કામે આંક–૧૩ થી પુરાવા બંધની પુરસીસ રજુ રાખી વધુ કોઈ પુરાવો રજુ કરવો નથી તેમ જાહેર કરેલ છે. જેથી આરોપી સામેનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર રહીને પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ માનીને મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં.૨ ના જવાબમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**૧.** આ કામના આરોપી અંતીમ હિન્દુજી ભાટીયા, રહે.૧૦૯, બસ સ્ટેશન રોડ, વોર્ડ નં.૧૬, કોતવલ્લી ઉર્ફે મંડી રાજેન્દ્રપુર પોસ્ટ ચૌમહલા, જી.ઝાલાવાડ, રાજસ્થાન નાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧ અન્વયે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૩૨૪(૫) તથા મો.વી.એકટ ની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી વિશ્વસનીય પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧ વંચાણે લેતાં આરોપીએ રજુ રાખેલ ખત તથા જામીન ખત ઠરાવ જાહેર થયાનાં છ મહીના બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કામે કબજે કરેલ મુદામાલનો અપીલ સમય વિત્યે ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૨૩–૦૩–૨૦૨૬** **(નરેન્દ્રકુમાર)**
**માતર** **જ્યુડી.મેજી.ફ.ક.માતર**
**જજ કોડ: જીજે.૦૧૪૪૦**